# અનેકાન્તના ઉપયોગે વિશાલ દૃષ્ટિ

આત્માના શુદ્ધ ધર્મનું જ્યારે સ્મરણ કરવામાં આવે છે, ત્યારે બાહ્યાચારથી વધી પડેલા મતભેદોથી મહત્ત્વ જણાતું નથી. સર્વ પ્રકારના મતભેદોવાળી બુદ્ધિ જેનામાં ઉત્પન્ન થાય છે, એવા આત્માના ગુણોની શુદ્ધિ કરવામાં આવે તો પોતાના આત્માનું હિત સાધી શકાય છે. પોતાના આત્માની શુદ્ધિ કરવામાં અન્યોમાં રહેલા મતભેદોનું નડતર પોતાને થતું નથી. જેને પોતાના આત્માનો શુદ્ધતારૂપ સાધ્યનો સમ્યગ્ ઉપયોગ નથી, તેને એકેક નયથી ઉઠેલા એકાન્ત મતભેદોની અસર થાય છે. જેમ સમુદ્રમાં શૃંગી-મત્સ્ય રહે છે અને ખારા જલમાં વહેતી એવી મીઠી વેલનું પાણી પીવે છે, તેમ સમ્યગ્જ્ઞાની આત્મા આ સંસારમાં એકેક નયથી ઉઠેલા એવા અનેક પંથરૂપ ખારો સાગર છતાં અનેકાન્ત નયના વિચારરૂપ મીઠા જલનું પાન કરે છે. દ્રવ્યાનુ-યોગવડે જ્યારે આત્માનું સમ્યક્ સ્વરૂપ વિચારવામાં આવે છે, ત્યારે અન્ય પંથો અને અન્ય મતવાદીઓ પર મૈત્રીભા-વના રહે છે અને મતસહિષ્ણુતા નામનો ગુણ પ્રગટવાથી અન્ય ધર્મ પાળનારાઓ ઉપર પણ કારુણ્યભાવના ખીલી ઉઠે છે. આત્મધર્મસાધક બંધુઓએ સમજવું જોઈએ કે– અમારો જન્મ જગતમાં ઉત્તમ કાર્યો કરવાને માટે થયો છે, માટે સર્વ જીવોને પોતાના આત્મા સમાન માનીને પોતાના આત્માની પેઠે અન્યોના આત્માઓનું શ્રેય કરવા પ્રયત્ન કરવો જોઈએ. વીતરાગધર્મથી દૂર રહેલા મનુષ્યો પર કદિ પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શત્રુતા ધારણ કરવી નહિ, તેમજ જૈનધર્મને નહિ પાળનારા મનુષ્યોની જાતિનિંદા કરવી નહિ. વિશાળ દૃષ્ટિમાં લોહચુંબકના જેવી શક્તિ રહી છે. જેઓ અનેકાન્ત-વિશાળ દૃષ્ટિને ધારણ કરે છે અને તેનો સમ્યક્ ઉપયોગ કરે છે, તેઓ અન્ય મનુષ્યોને પોતાના સદ્વિચારોનું દાન આપી શકે છે. જૈન શાસ્ત્રો અને જૈનેતર ધર્મશાસ્ત્રોના રહસ્યોને જેઓ સારી પેઠે જાણી શકે છે અને વિશાળ દૃષ્ટિથી આત્માના સત્ય ધર્મને અવબોધે છે, તેઓ જૈનધર્મની ઉન્નતિ કરવાને સમર્થ થાય છે. અનેક પંથોના વચ્ચે ઉભા રહીને તેવા જૈનો ખરેખર અનેક મતવાદીઓને પણ '**અનેકાન્ત**' ધર્મનું અમૃતપાન કરાવવા સમર્થ થાય છે.

## ઉપાદાન–સાધન

જેમ માટીમાં ઘડો થવાની સત્તા છે, પણ દંડ, ચક્ર, કુંભારાદિ સાધનો મળે તો ઘડો થાય, તેમ આત્મા માટીરૂપ છે તે સદ્ગુરૂ આદિ સાધનો મળે તો આત્મજ્ઞાન થાય.

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org